ધાનેરાની જનસેવા કેન્દ્ર કચેરીમાં સફાઈ અભિયાનના ધજીયા

૨૦૧૭ના પૂરમાં ડૂબેલા લોકોના કિંમતી કાગળો આજે પણ જેસે થે હાલતમાં : ગંદકી અને સુવિધાના અભાવે કામ અર્થે આવતા લોકોને કરવો પડે છે મુશ્કેલીનો સામનો

ધાનેરાની જનસેવા કેન્દ્ર કચેરીમાં લોકોના કિંમતી કાગળો અધિકારીઓની બેદરકારીના લીધે ધૂળ ખાઈ રહ્યા છે તો બીજી તરફ કચેરી ગુટકા પિચકારી તેમજ ગંદકીથી ઉભરાઈ આવે છે અને કચેરીમાં કોઈપણ જાતની સુવિધા ન હોવાથી કામ અર્થે આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ધાનેરાની જનસેવા કેન્દ્ર કચેરી કે જેમાં ૨૦૧૭માં પૂરનું પાણી ફરી વળ્યું હતી પૂરનું પાણી ફરી વળ્યાં ને આજે ૧૧ મહિના જેટલો સમય વીત્યો છે અને પુરના પાણીમાં લોકોના કિંમતી કાગળો પણ ડૂબી ગયા હતા અને એ ડૂબેલા કાગળો આજે પણ એ જ સ્થિતિમાં પડ્યા છે તંત્રના અધિકારીઓ ધ્વરા જો એ કાગળને સાફ કરી બચાવ્યા હોત તો કદાચ એ

કાગળ બચી શક્યા હોત. આ તો વાત હતી કાગળોની પણ આ કચેરીમાં સુવિધાના નામે પણ મીંડું જોવા મળી રહ્યો છે આ કચેરીમાં લોકોને બેસવા માટે કોઈ જ પણ પ્રકારની સુવિધા નથી તો પીવા માટે પાણીની પણ સુવિધા નથી કચેરીમાં લોકોને બેસવા માટે તંત્ર ધ્વરા બોકડા તો મુકવામાં આવ્યા હતા પરંતુ બોકડા ટુંક જ સમયમાં તૂટી જવા પામ્યા હતા અને તે બાદ તંત્ર ધ્વરા કોઈજ પણ પ્રકારનું આ બાબતે ધ્યાન દોરાયું નથી. હવે જો વાત કરવામાં આવે પીવાના પાણી તો પાણી માટે પણ ફ્રિજ મુકવામાં આવ્યું હતું તે ફ્રિજ પણ ટૂંક જ સમયમાં બગડી ગયું હતું અને આજે પણ એ ફ્રિજ ધૂળ ખાઈ રહ્યું છે સરકાર સ્વચ્છ ભારત અભિયાન પાછળ લાખો કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે અને ભારત સ્વચ્છ બનાવવા માટે રાત દિવસ મહેનત કરી રહી છે ત્યારે સરકારની કેટલીક કચેરીઓ જ ગંદકીથી ઉભરાઈ છે ધાનેરાની જનસેવા કેન્દ્ર કચેરીમાં ગુટકાની પિચકારી તેમજ ગંદકીથી ઉભરાઈ રહી છે માટે તંત્ર જાગે અને આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરે જેથી કામ અર્થે આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

બ્રહ્માકુમારીઝના ડીસા સેવા કેન્દ્ર પર વિશેષ સામુહિક યોગાભ્યાસનો કાર્યક્રમ

આંતરરાષ્ટ્રિય અધ્યાત્મ સંસ્થા બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા વિશ્વ યોગા દિવસ નિમિત્તે ડીસા સેવાકેન્દ્ર પર સામુહિક યોગાભ્યાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર વર્તમાન તનાવભર્યા માનવ જીવનમાં સમાજમાં અનેક એવી ઘટનાઓ બને છે જેમાં મનોબળનો અભાવ-ધૈર્યતા-શાંતિનો અભાવ જોવા મળે છે. ત્યારે માનવમાત્રને મનથી સશક્ત કરવાના હેતુથી તથા પરમાત્મા સાથે સહજ મનના જોડાણના માર્ગદર્શન માટે બ્રહ્માકુમારીઝ ડીસા સેવા કેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી સુરેખાબેનના અધ્યક્ષતામાં સહજ રાજયોગા સમારંભનું આયોજન ૨૧ જૂન-૧૮ ગુરૂવારના રોજ કરવામાં આવેલ છે. સાંજે ૭ થી ૮.૩૦ દરમિયાન સ્થાનિક સેવાકેન્દ્ર સ્પોર્ટકલબ સામે નવજીવન સોસાયટીમાં આવેલ સેવાકેન્દ્ર પર સંગઠીત યોગામાં રાજયોગ વિષયે માહિતી આપવામાં આવશે.

કંપની સમાચાર

વધારે મોટા અને શ્રેષ્ઠ પ્રીમિયમ ટેલીવિઝનની રેન્જ સાથે ભારતમાં ટીવી બજારમાં પરિવર્તનનો પવન ફૂંકતી સેમસંગ

ભારતની સૌથી વધુ વિશ્વસનિય કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ અને સતત ૧૩ વર્ષથી ટેલીવિઝન કેટેગરીમાં લીડર સેમેસંગે આજે વર્ષ ૨૦૧૮ માટે સંપૂર્ણપણે નવી અને ટેલીવિઝનની રોમાંચક રેન્જની જાહેરાત કરી હતી, જેમાં ફ્લેગશિપ ક્યુએલડી, મિડ-રેન્જ યુએચડી અને મેક ફોર ઈન્ડિયા 'કન્સર્ટ' સીરિઝ સામેલ છે. સેમસંગે ભારતીય બજારના તમામ સેગમેન્ટમાં પરિવર્તનનો પવન ફૂંકે એવા ઉત્પાદનો પ્રસ્તુત કર્યા છે. બ્રાન્ડ એલઈડી ટીવી, સ્માર્ટ ટીવી, કર્વ્ડ ટીવી, કર્વ્ડ યુએચડી ટીવી તથા હવે ક્યુએલડી ટીવી અને ધ ફ્રેમ જેવા નવીન ઉત્પાદનો બજારમાં સૌપ્રથમ વાર પ્રસ્તુત કરીને સ્પર્ધામાં હંમેશા મોખરે રહી છે.

સેમસંગ ઈન્ડિયાના કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બિઝનેસના જનરલ મેનેજર પિયૂષ કુન્નાપલ્લીએ કહ્યું હતું કે, 'ભારતમાં ઉપભોક્તાઓમાં મોટા ટીવીની માંગમાં વધારો થઈ રહ્યો છે અને તેઓ વધારે મોટા, શ્રેષ્ઠ ટીવી ખરીદી રહ્યા છે, અમે અમારી યુએચડી રેન્જમાં ૬૦ ટકા વધારો કરીને અને એમ્બિયન્ટ મોડ અને શ્રેષ્ઠ સાઉન્ટ ક્વોલિટી જેવી નવીન ખાસિયતો સાથે નવા ઉત્પાદનો લોંચ કરીને આ માંગને પૂર્ણ કરવા ઈચ્છીએ છીએ.'

સેમસંગે ૨૦૧૮ ક્યુએલડી ટીવીમાં એમ્બિયન્ટ મોડ પ્રસ્તુત કર્યો છે. તેમે આ મોડ સાથે ક્યુએલડી ટીવીને કેન્વાસમાં બદલી શકો છો, જે તમારી મૂડને વ્યક્ત કરે છે અને દુનિયામાં ડોકિયું કરવા માટે બારી તરીકે તેનો ઉપયોગ પણ કરી શકો છો. ટીવી પોતાનાં દેશ્યની આશ્ચર્યજનક અસર ઉભી કરવા ટીવીની પાછળ દિવાલ પર પેટર્ન ઉભી કરી શકે છે, જેમાં ટીવી દિવાલ સાથે એકાકાર થઈ જાય છે. ઉપરાંત ટીવી ઓટોમેટિક તમને હવામાન વિશે જાણકારી આપશે કે હવામાન ખુશનુમા છે કે વરસાદી છે કે પછી બરફીલુ, ઉપરાંત તમે તમારા પોતાના ફોટો સાથે કે આકર્ષક વિવિધ આર્ટવર્કમાંથી એક આર્ટવર્ક પસંદ કરીને બેકગ્રાઉન્ડ પર્સનલાઈઝ કરી શકો છો.

આજરોજ પોશીના તાલુકા પંચાયત પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવી હતી. તાલુકા પંચાયતના ચૂંટાયેલા ૨૦ સભ્યો પૈકી ૧૮ સભ્યો હાજર રહ્યા હતા. ૧ સભ્ય ગેર હાજર હતા, ૧ સભ્યએ રાજીનામુ મુકેલ હોવાથી હાજર રહ્યા ન હતા. ૧૮ સભ્યોની હાજરીમાં ચૂંટણીની કાર્યવાહી શરૂ કરતાં પ્રમુખ તરીકે ભાજપ તરફી ગમાર કોકીલાબેન લલ્લુભાઈએ ઉમેદવારી કરી હતી. તથા કોંગ્રેસ તરફે તરાલ ભાવનાબેન નરેશભાઈએ ઉમેદવારી કરી હતી. તથા ઉપપ્રમુખ તરીકે ભાજપ તરફે ગમાર મંથાબેન રામજીભાઈ તથા કોંગ્રેસ તરફે પરમાર મનુભાઈ કલાભાઈએ ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકી ચૂંટણી કાર્યવાહી દરમ્યાન પ્રમુખના ઉમેદવાર ગમાર કોકીલાબેન લલ્લુભાઈ તરફે હાજર ૧૮ સભ્યો પૈકી ૧૧ સભ્યોએ મત આપ્યા હતા. જેથી પ્રમુખ તરીકે ગમાર કોકીલાબેન લલ્લુભાઈને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. તથા ઉપપ્રમુખ તરીકે ભાજપના ઉમેદવાર ગમાર મંથાબેન રામજીભાઈ તરફે ૧૧ સભ્યોએ મત આપતા ઉપપ્રમુખ તરીકે ભાજપના ઉમેદવાર ગમાર મંથાબેન રામજીભાઈને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠામાં પાક વીમા મુદ્દે ખેડૂતોની વ્હારે ભારતીય કિસાન સંઘ

પાક વીમા વળતર નહી મળે તો લોકસભાની ચૂંટણીમાં ખેડૂતોની પરચો બતાવવાની ચીમકી

સરહદી બનાસકાંઠામાં ગત વર્ષે આવેલા પુરમાં ખેડૂતોને પારાવાર નુકશાન થયું હતું. જેમાં બેંકો દ્વારા ખેડૂતોને પાક ધિરાણ આપ્યું ત્યારે ફરજીયાત વિમાનું પ્રીમિયમ કાપવામાં આવ્યું હતું. પરંતુ નુકશાન બાદ ખેડૂતોને પાક વિમો ચૂકવાયો નથી. આ મુદ્દે કિસાન સંઘ ખેડૂતોની વ્હારે આવ્યો છે. કિસાન સંઘે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

બનાસકાંઠામાં ગત વર્ષે આવેલા પુરમાં ખેડૂતોને પારાવાર નુકશાન થયું હતું. જેમાં બેંકો દ્વારા ખેડૂતોને પાક ધિરાણ આપતા સમયે ફરજીયાત વિમાનું પ્રીમિયમ કાપવામાં આવ્યું હતું. પરંતુ નુકશાન બાદ ખેડૂતોને પાક વિમો ચૂકવાયો નથી. આ મુદ્દે કિસાન સંઘ ખેડૂતોની વ્હારે આવ્યો છે. બનાસકાંઠાના ૬૮૦૦૦ ખેડૂતોને ૩૦૦ કરોડનું પાક ધિરાણ આપતી વખતે વીમાના પ્રીમિયમની રૂપિયા ૭.૭૦ કરોડની રકમ કાપી લેવામાં આવી હતી. જોકે, ખેડૂતોને નુકસાન થયું હોવા છતાં વિમાની રકમની એક રાતી પાઈ પણ ચૂકવવામાં આવી નથી.

જીલ્લા કલેકટર સંદીપ સાંગલે પણ આ મામલે ગંભીરતા દાખવી રહ્યા છે. કલેક્ટરે પ્રીમીયમ કાપ્યા બાદ ખેડૂતોને પાક વીમાના નાણાં નહી આપનારી વીમા કંપનીઓ સામે સરકારમાં રીપોર્ટ કરી આ વીમા કંપનીઓને બ્લેક લીસ્ટ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ભારતીય કિસાન સંઘ દ્વારા હવે વડાપ્રધાનને પત્રો લખવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જ્યાં સુધી પાક વિમાની રકમ નહિ મળે ત્યાં સુધી પત્રો લખવામાં આવશે. જે બાદ પણ પરિણામ નહિ મળે તો ઉગ્ર આંદોલન કરાશે. અને લોકસભાની ચૂંટણીમાં ખેડૂતો સરકારને પોતાનો પરચો બતાવશે તેવી ચીમકી ખુદ કિસાન સંઘને ઉચારવાની ફરજ પડી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ

ડીપીઓ એમ.એન. પટેલના માર્ગદર્શન હેઠળ પાદરા ગામમાં ટાવર શાળામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ અપાઈ તેમાં તાલુકા ટી.એચ.ઓ. વિમલકુમાર સિંધે દ્વારા માહિતી આપવામાં આવી હતી. તેમજ ફાયરબ્રિગેડ દ્વારા આગ કેવી રીતે ઓલવી તેની માહિતી અપાઈ. શાળામાં કુદરતી આપત્તી સામે કેવી રીતે સામનો કરવો તેનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ. સમગ્ર આયોજનમાં ટી.પી.ઓ. મહેશભાઈ પ્રજાપતી બી.આર.સી. ધીરેન્દ્રસિંહ સોલંકી અને તાલુકા પ્રમુખ રણજિતસિંહ, સી.આર.સી. કરખડી, વિજય દરજી હાજર રહ્યા હતા. સમગ્ર તાલીમનું માર્ગદર્શન ટી.ટી. સાહેબ, રાકેશભાઈ સુથાર અને ડી.પી.ઓ. એમ.એન. પટેલ સાહેબે આપેલ.

ધાનેરા પોલીસે વાલેરા ગામની સિમ માંથી દારૂ ભરેલી બોલેરો ગાડી ઝડપી

ધાનેરા પોલીસે વાલેરા ગામની સિમ માંથી દારૂ ભરેલી બોલેરો ગાડી ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા પોલીસે વાહન ચેકીંગ માં હતી તે સમય દરમ્યાન ધાનેરા તાલુકા ના વાલેરા ગામની સીમમાંથી દારૂ ભરેલી ગાડી ઝડપી ગાડી ને ધાનેરા પોલીસ મથક લાવી ગાડી અને દારૂ સહીત રૂપિયા ૨.૫ લાખ કરતા પણ વધુ નો મુદ્દમાલ જપ્ત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ બુટલેગર ગાડી મૂકી ફરાર થઈ જતા પોલીસે આરોપી ને પકડવાના ચકો ગતિમાન કાર્ય છે.

સેક્ટર-૧૭ના પુસ્તકાલયની લોબીમાં વિદ્યાર્થીઓ પગ પાથરીને બેસે છે

ગાંધીનગર, તા. ૨૦

દુવિધાઓથી ઘેરાયેલા સેક્ટર-૧૭ સ્થિત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના પુસ્તકાલયમાં શિસ્ત અને વ્યવસ્થાનો ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ ક્યારેક લોબીમાં તો ક્યારેક શૌચાલય નજીક પણ વાંચન પ્રવૃત્તિ કરતાં હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પુસ્તકાલયના આ વરવા દેશ્યો વચ્ચે સિનિયર સિટીઝનોને બેસવાની જગ્યા પણ મળતી નથી. એટલુ જન હી પરંતુ પુસ્તકો કે મેગેઝિનોનની આપ-લે કરવાનું પણ મુંઝવણરૂપ બન્યુ છે. વિદ્યાર્થીઓ અને પ્રબુદ્ધ નાગરિકોની આ દુર્દશા નિવારવા લાયબ્રેરીની સુવિધાને અપગ્રેડ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ટાઉનહોલ સ્થિત પુસ્તકાલય અનેક દુવિધાઓથી ઘેરાયેલુ છે. છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓ અને વાંચનપ્રવૃત્તિ કરતાં વડીલોની સંખ્યા પણ ખૂબ વધી છે. જેની સામે સાંકડા પુસ્તકાલય સુધી પહોંચવાનું પણ વયસ્ક નાગરિકો માટે મુશ્કેલ બન્યુ છે. પુસ્તકાલયની લોબીમાં બહારગામથી આવતા વિદ્યાર્થીઓ લાંબા પગ પાથરીને લોબીમાં આરામ ફરમાવે છે, તો ક્યારેક જગ્યાના અભાવે પુસ્તકાલયના શૌચાલય નજીક પણ અડીંગો જમાવી બેસે છે. આ ભીડભાડ વચ્ચે વાંચનભૂખ સંતોષવા માટે પુસ્તકાલય પહોંચતા સિનિયર સીટીઝન્સ તેમજ મહિલાઓ માટે પુસ્તકાલય સુધી પહોંચવુ પણ કસોટીરૂપ બને છે. આ સ્થિતિ વચ્ચે ધીમે ધીમે પ્રબુદ્ધ નાગરિકો પુસ્તકાલયનો ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ લાયબ્રેરી નજીક સ્થિત વિશાળકાય ડોમનો પણ કોઈ ઉપયોગ નથી. ત્યારે વિદ્યાર્થીઓ અને વાંચનપ્રેમીઓની આ સમસ્યા નિવારવા યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા પણ ગોઠવાય તેવુ આયોજન કરવા પણ જાગૃત નાગરિકોએ સુઝાવ રજુ કર્યો છે. વધુમાં નજીકમાં સ્થિત પ્રદર્શન હોલ પૈકી એક ડોમ પણ પુસ્તકાલયના ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ નગરના જાગૃત નાગરિકોએ વ્યક્ત કરી છે.

એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા તાલુકાની શાળાઓ સહિત વિદ્યાર્થીઓને ચોપડાંનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ દલપુર ખાતે

આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા તાલુકામાં આવેલ શાળાઓ સહિત જિલ્લાની સરહદે આવેલ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને ચોપડાં વિતરણ કરવામાં આવ્યું.

સોનાસણ ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલ ખાતે દલપુર પ્રાથમિક શાળા તેમજ કાટવાડ તથા સેજીપુરા અને વકતાપુરા, ખેડબ્રહ્મા સહિત જિલ્લાની સરહદે આવેલ અંતરીયાળ ગામની આદિવાસી વિસ્તારના વડીપણ, દેલવાડા, પોશીના તેમજ દાંતિયા શાળામાં પણ ચોપડાંઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ચોપડાં મળતાં વિદ્યાર્થીઓ બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવા મળી હતી અને આનંદ વ્યક્ત કર્યો હતો. આ શુભ કાર્યમાં કંપનીના ડાયરેક્ટર જયંતિભાઈ એમ. પટેલ, વિપુલભાઈ વી. પટેલ તેમજ એચ.આર. મેનેજર નિકુલભાઈ ખંભાતી, કુણાલભાઈ સહિત કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. તાલુકા સહિત જિલ્લાનાં અંતરીયાળ વિસ્તારોમાં જઈને કુલ ૧૫૦૦૦ હજારથી પણ વધારે ચોપડાંઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધાનેરા તાલુકાની કુંવરલા પ્રાથમિક શાળામાં શૌચાલયની દીવાલ પડતા બાળકી ઈજાગ્રસ્ત

ગુજરાત માં અત્યારે જોર અને શોર થી શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે અને બાળકોને પ્રાથમિક શાળા માં પ્રવેશ કરાવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સહીત કેટલીક જગ્યા ઉપર પ્રાથમિક શાળા માં ભણતા બાળકો મોત ના ભય નીચે ભણી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે ધાનેરા તાલુકા ના કુંવારલાં ગામની પ્રાથમિક શાળા માં બાળકી ઉપર દીવાલ પડતા ચકચાર મચી ગઈ છે તો બીજી તરફ બાળકી ને સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરા ખસેડવામાં આવી છે.

પ્રાથમિક શાળામાં આજે સૌચાલય ની દીવાલ પડતા ધોરણ ૪ માં ભણતી બાળકી નીચે આવી જતા ચકચાર મચી ગઈ છે ધોરણ ચાર માં અભ્યાસ કરતી વિમળાબેન જલાજી ઠાકોર જે રીશેષ ના સમયે સૌચાલય માં લઘુશંકા કરવા માટે ગઈ હતી અને અચાનક દીવાલ આ બાળકી ઉપર પડતા બાળકી એ બુમાબુમ કરી હતી ત્યારે શાળાનો સ્ટાફ તેમજ અન્ય બાળકો દોડી આવ્યા હતા અને બાળકી ને બહાર કાઢી હતી. સમગ્ર ઘટના બાબતે ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભગવાનભાઈ દેસાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી બાળકી સારવાર અર્થે ધાનેરા લઈ આવ્યા હતા મારે ટિમ ધ્વરા શાળા ની મુલાકાત લીધી હતી અને શાળામાં જઈ જોયું તો એક એવું જર્જરિત સૌચાલય હતું કે તેમાં અંદર જતા પણ બીક લાગે અને તેની બાજુમાં બે નવા સૌચાલય બનાવેલા હતા નવા સૌચાલય બાબતે બાળકો ને પૂછ્યું તો બાળકોએ કહ્યું કે આતો સાહેબ અને બહેનો માટે છે માટે જો આ વાત સત્ય હોય તો ખુબજ ખરાબ બાબત કહેવાય કે બાળકો માટે પણ અલગ સૌચાલય અને શિક્ષકો માટે અલગ સૌચાલય અમારી ટીમે પણ આ સૌચાલય જોતા આ શૌચાલયને ખંભાતી તાળા જોવા મળ્યા હતા.

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે આજરોજ મોડાસા ખાતે સાબરડેરીના શામળાજી, ધનસુરા અને બાયડ એમ ત્રણે શિતકેન્દ્રોના એમ.પી.ઓ. ઈન્ચાર્જ અને સુપરવાઈઝરોનો સહકારી તાલીમ અને શિક્ષણ વર્ગ સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલની ઉપસ્થિતમાં યોજાતા તેનું દીપ પ્રગટાવીને ઉદઘાટન સાબરડેરીના જનરલ મેનેજર જે.ડી પટેલ, સાબરડેરીના સિ. મેનેજર (એફ.ઓ.) એમ.એન. પટેલ, કિરણભાઈ પટેલ (બીએમસી પ્રોજેક્ટ), સહકારી કાયદા નિષ્ણાત જે.કે. દરજી, ડીરેકટર પ્રેમજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર હરિપ્રસાદ જોશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

તીવ્ર કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદીઓને ફાયદો થયો હતો. રમઝાન યુદ્ધવિરામ દરમિયાન ત્રાસવાદી કેમ્પો ઉપર હુમલાનો જવાબ આપવાની સ્વતંત્રતા હતી પરંતુ અમારી પાસે કોઈ માહિતી ન હતી. તે આધાર પર ઓપરેશન ચલાવવાની સ્થિતિ ન હતી. આવી સ્થિતિમાં યુદ્ધવિરામથી અનેકરીતે ત્રાસવાદીઓને ફાયદો થયો હતો. આ દરમિયાન દિલ્હીમાં એક કાર્યક્રમ બાદ જુદા જુદા લોકોએ પણ આ પ્રકારની પ્રતિક્રિયા આપી છે. છત્તીસગઢના વધારાના મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમને જમ્મુ કાશ્મીર મોકલવામાં આવ્યા છે. મંત્રીમંડળની નિમણૂંક સમિતિએ મંગળવારે સાંજે સુબ્રમણ્યમની મંજુરીને લીલીઝંડી આપી હતી. સુબ્રમણ્મય ૧૯૮૭ની બેચના આઈએએસ અધિકારી છે. તેઓ ૨૦૦૨થી ૨૦૦૭ સુધી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના અંગત સચિવ તરીકે હતા. રાજ્યપાલ એનએન વોરાના સલાહકાર તરીકે કામ કરશે કે કેમ તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ ચુકી નથી. નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીઓએ કહ્યું છે કે, કેટલાક રાજનેતાઓ તરફથી પથ્થરબાજો, કટ્ટરપંથીઓ અને અલગતાવાદીઓને સમર્થન મળી રહ્યું હતું. કોઈ રાજકીય દબાણ ન હોવાથી સુરક્ષા દળો હવે વધારે આક્રમકતા સાથે કામ કરશે. અતિસંવેદનશીલવાળી જગ્યા પર યોગ્ય અધિકારીઓ અને પોલીસ અધિકારીઓને ગોઠવવામાં આવશે. કોઈપણ દબાણ વગર ત્રાસવાદ વિરોધી ગતિવિધિ ચલાવી શકે તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, અનેક કુશળ અધિકારીઓ રહેલા છે જે સાઈડલાઈન કરી દેવામાં આવ્યા છે. ત્રાસવાદી બુરહાન વાનીના મોત બાદ સ્થિતિ વણસી ગઈ હતી. આવી સ્થિતિમાં એવા અધિકારીઓને આગળ લાવીને ત્રાસવાદીઓને ઠાર મારી દેવાની રણનીતિ ઉપર કામ થઈ શકે છે.

બમણી કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુરિયા અને અન્ય ખાતર આજે સરળતાથી મળી રહ્યું છે, કાળાં બજાર નથી થઈ રહ્યાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ૧૦૦ યોજનાઓ પૂરી થઈ છે. દરેક ખેતરને પાણી મળે એ લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે આજે દેશમાં માત્ર અનાજ જ નહિ બલ્કે ફળો શાકભાજી અને દૂધનું રેકોર્ડ ઉત્પાદન થઈ રહ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ કે મુખ્ય રૂપે ચાર બિંદુઓ પર જોર આપવામાં આવી રહ્યુ છે. પહેલુ, કાચા માલની પડતર કિંમત ઓછામાં ઓછી હોય, બીજુ, ઉપજનું યોગ્ય મૂલ્ય મળે, ત્રીજુ, ઉપજની બરબાદી ન થાય અને ચોથુ, કમાણીના વૈકલ્પિક સ્ત્રોત તૈયાર થાય.

પીએમ કૃષિ સિંચાઈ યોજના હેઠળ આજે દેશભરમાં ૯૯ સિંચાઈ પરિયોજનાઓ પૂરી કરવામાં આવી રહી છે. દરેક ખેતરને પાણી મળે એવા લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે. ખેડૂતોને પાકને લઈને પણ કોઈ પ્રકારનું જોખમ ન થાય તેના માટે પાક વીમા યોજના છે.

હિટલિસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફ ઓપરેશન દરમિયાન આતંકનો માર્ગ અખત્યાર કરનારા ૪૦ નામની પણ જાણકારી મળી છે. સુરક્ષાદળો દ્વારા આતંકવાદીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહીની શરૂઆત ત્રાલમાં ત્રણ આતંકીઓને ઢેર કરીને શરૂ કરવામાં આવી છે. સુરક્ષાદળો દ્વારા દક્ષિણ અને ઉત્તર કાશ્મીરમાં છૂપાયલા આતંકવાદીઓની ભાળ મેળવવા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે.

સૂત્રો મુજબ જમ્મુ-કાશ્મીરમાં ગત પાંચ માસમાં કાશ્મીર ખીણના વિભિન્ન ગામડામાંથી અંદાજે ૧૫૦થી વધુ યુવાનો ગુમ થયા છે. આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે ગાયબ થયેલા યુવાનો આતંકવાદીઓની ઉશ્કેરણીથી ગેરમાર્ગે દોરવાયા છે. આમાના પચાસથી સાઠ જેટલા યુવાનોના પરિવારજનોએ ફરિયાદ પણ નોંધાવી છે. જો કે ૯૦થી ૧૦૦ જેટલા ગુમ થયેલા યુવાનોની ફરિયાદ પોલીસ સમક્ષ નોંધાઈ નથી. સૂત્રો મુજબ બારામુલા, શોપિયાં, બાંદીપુરા, પુલવામા અને અનંતનાગથી સૌથી વધુ યુવાનો ગુમ થયા છે. આ વિસ્તારોમાં ઓપરેશન ઓલઆઉટ હેઠળ અત્યાર સુધીમાં લગભગ ૩૩ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. જેમા શોપિયાંમાં ૨૧, બારામુલામાં પાંચ અને અનંતનાગમાં સાત આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. પરંતુ સસ્પેનન્શન ઓફ ઓપરેશનના રમઝાન દરમિયાન કરાયેલા એલાનમાં આતંકવાદીઓને ફરીથી એકજૂટ થવાનો મોકો મળ્યો હતો.

ઉજ્જડ હાલતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલતમાં છે. ઉદ્યાનોની ખુબસુરતી પણ છીનવાઈ ગઈ છે. શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોમાં સાંજ ઢળતા જ પરિવારજનો પોતાના બાળકો સાથે હળવાશની પળો માંણવા જવાનુ પસંદ કરે છે. પરંતુ સેકટરોના બગીચાઓ જાળવણીના અભાવે હરિયાળી અને સુંદરતા ગુમાવતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. બગીચાઓમાં ભુલકાઓ માટે રમતગમતના સાધનો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહયા છે. સાંજ ઢળતા જ લાઈટો ડુલ રહેતી હોવાના લીધે બગીચાઓમાં અંધારટ્ટ છવાઈ જાય છે. શહેરમાં અંદાજિત ૧૭૫ જેટલા બગીચાઓની જાળવણી કરવાની જવાબદારી બાગાયત તંત્રના શીરે છે. પરંતુ બાગાયત તંત્ર જ મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે ઉજ્જડ હાલતમાં છે. બાગાયત તંત્રની પાસે સ્ટાફ જ નથી. જયારે બગીચાઓની માવજત કરવા માટે માળી પણ નથી. શહેરના ઉદ્યાનોની સંખ્યા મુજબ ૨૦૦ જેટલા માળીની ઘટ છે. બાગાયત અધિકારીની જગ્યા પણ ચાર્જમાં છે. જયારે ચાર્જના અધિકારી પાસે આખા તંત્રનો ચાર્જ હોય તેવી સ્થિતિ છે. એસ ઓ અને વર્ક આશિષ્ટન્ટની જગ્યા પણ ભરાઈ નથી. બાગાયત તંત્રને પુરતો સ્ટાફ ફાળવવા માટે અનેક વાર માર્ગ મકાન વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી મેન પાવરની પુર્તી કરવા માટે કોઈ નક્કર આયોજન થઈ શક્યુ નથી. સેકટરોના બગીચા ઉપરાંત રાજભવનમાં મંત્રી નિવાસના ઉદ્યાનોની જાળવણીની જવાબદારી પણ બાગાયત તંત્ર સંભાળે છે. આ સ્થિતિ વચ્ચે બગીચાઓની જાળવણીનુ કામ છેલ્લા ઘણાં સમયથી રામભરોસે હોવાની સ્થિતિ સર્જાઈ છે. ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરના બગીચાઓની હરિયાળી છીનવાઈ ગઈ છે. દુવિધાઓ વચ્ચે દુષણો પાંગરી રહયા છે. કોર્પોરેશન હસ્તકના બગીચાઓનુ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે .જયારે સેકટરોના અન્ય બગીચાઓ ખુલ્લા મેદાન બનવા તરફ છે.

લડાયક મુડમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીંદનીય છે. આ મામલે વાલીમંડળે નારાજગી વ્યકત કરતા રજુઆતમાં જણાંવ્યા મુજબ ફી નિયમન સમિતિએ ખુબ જ ઝડપી અને નિર્ણાયક પગલા લઈ બાળકોના ભવિષ્યને ન્યાય આપવા માટે ત્વરિત એકશન મોડમાં આવવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠાવ્યો છે. જયારે વાલીમંડળે આ અંગે રજુઆતને ન્યાય ન મળે ત્યાં સુધી વધારાની ફી નહીં ભરવાનો પણ નિર્ણય લીધો છે.